**સ્પે. ઈલે. સ્યુટ નં. ૧૯૩ / ૨૦૧૦**

**<u>આંક – ૧ નીચેનો હુકમ :–</u>**

**આજરોજ વાદી તથા તેમનાં વિધ્વાન વકીલશ્રી નો વારંવાર પોકાર કરાવતા કોઈ હાજર નથી કે કાંઈ રજુઆત નથી. આજરોજ સાંજના ૦૫ઃ૩૦ સુધી રાહ જોવા છતાં વાદી કે તેમનાં વિધ્વાન વકીલશ્રીનાં પોકાર કરાવવા છતાં તેઓ તરફે કોઈ હાજર નથી કે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી.**

**સદર દાવામાં <u>આંક – ૫</u> થી તા. ૧૨/૦૪/૨૦૧૮ ના રોજ વાદી પર નોટીસ બજીને પરત આવેલ છે, સદર તારીખે વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર ન હતા. આજરોજ સાંજનાં ૦૫ઃ૩૦ સુધી વાદી કે તેનાં વિધ્વાન વકીલશ્રી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી, કે કોઈ રજુઆત કરેલ નથી.**

**આમ, ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લેતા વાદી હાલ નો દાવો સામાવાળાનું નવું સરનામું રજુ કરવાનું હોય જે વાદી કંપની દવારા રજુ કરવામાં આવેલ ન હોય જેથી, સદર દાવો આગળ ચલાવવા માંગતા ન હોય તેવુ જણાય છે અને સી.પી.સી. ૧૯૦૮ ઓર્ડર ૯ રૂલ ૩ મુજબ નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.**

**–– હુકમ––**

**વાદી નો દાવો ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**આજરોજ તા. ૦૨ માહે. મે સને.૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**જામનગર**
**તા.૦૨/૦૫/૨૦૧૮**

**( અશોક શર્મા )**
**છઠ્ઠા એડિશનલ ડિસ્ટ્રિકટ જજ**
**કોડ નં. જીજે–૦૧૫૦૦**
**જામનગર.**